## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



**હે માડી, આમાંથી છોડાવો તો અગિયાર પૂનમ ઘરમાં રહીશ અને પાંચ વાગે અગીયાર થાળી વગાડીશ....!!**

# જિલ્લાની આવશ્યક અને તાત્કાલિક સેવા સાથે સંકાળાયેલ કચેરીઓ સિવાયની તમામ કચેરીઓ ૩૧મી સુધી બંધ

નોવેલ કોરોના વાઈરસનું સક્રમંણ નિયંત્રણમાં રાખવાના ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લાની આવશ્યક અને તાત્કાલિ સેવાઓ સાથે સંકાળયેલ કચેરીઓ સિવાયની અન્ય કચેરીઓના અધિકારીઓ અને કર્મચારીઓને કચેરીમાં તા. ૩૧મી માર્ચ, ૨૦૨૦ સુધી ફરજ પર હાજર ન રહેવા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું છે. પરંતુ ઉપરોક્ત કચરીઓના અધિકારી કે કર્મચારીને તેમની વડી કચેરી કે જિલ્લાના સક્ષમ અધિકારી દ્વારા સૂચના મળે તો તેમણે ફરજ પર તાત્કાલિક ઉપસ્થિત રહેવાનું પણ કલેકટરશ્રીએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું છે કે, ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૪મી માર્ચ, ૨૦૨૦ના પરિપત્ર અનુસધાને નોવેલ કોરોના વાઈરસના સંક્રમણને નિયંત્રણમાં લાવવા માટે ગાંધીનગર જિલ્લાની કચેરીઓ માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે. નોવેલ કોરાના વાઈરસના ચેપને નિયંત્રણમાં કરવાની સીધી કામગીરી સાથે જિલ્લા આરોગ્ય તંત્ર, સિવીલ હોસ્પિટલ સંકાળયેલ છે. તેમજ જિલ્લા પુરવઠા અધિકારીની કચેરી, કલેકટર કચેરી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ કચેરી, પંચાયત, નગરપાલિકાઓ , મહાનગરપાલીકાઓ, ગેસ, વીજ વિતરણ કરતી કંપની, પાણી પુરવઠા સંલગ્ન કચેરીઓ, પોલીસ તંત્ર વગેરે જેવી કચેરીઓની સેવા આવશ્યક અને તાત્કાલિક સેવા સાથે સંકાળાયેલ હોય ચાલું રહેશે. તે ઉપરાંત અન્ય કચેરીઓના વડાઓએ અને કર્મચારીઓને કોરોના વાયરસનું સંક્રમણ નિયત્રિત કરવાનું હોવાના કારણે કચેરીઓ તા. ૩૧મી માર્ચ, ૨૦૨૦ સુધી બંધ રાખવાની રહેશે.

કલેકટરશ્રીએ વધુમાં જણાવ્યું છે કે, જે કચેરીનો વડા કે કર્મચારીને તેમની ઉપલી કચેરી કે જિલ્લાના સક્ષમ અધિકારી દ્વારા કોઈ સૂચના મળે તો તાત્કાલિક ફરજ પર ઉપસ્થિત રહેવાનું રેહશે. આ સમય દરમ્યાન તેઓ પોતાની અગત્યની અને કામગીરી મોબાઈલ, ટેલિફોન કે ઈમેલ જેવી ઈલેક્ટ્રોનિક માધ્યમથી કરી શકશે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે પુનઃ ફોગીંગની કાર્યવાહી કરવામાં આવી હતી.
- ગાંધીનગર મનપાની આરોગ્ય શાખાના આદેશ પછી આજે ફાયરબ્રિગેડ દ્વારા વિધાનસભા, સચિવાલય સંકુલ, પાટનગર યોજના સહિત વિવિધ કચેરીઓમાં સેનીટાઈઝેશનની કામગીરી ઝડપી બનાવી છે.
- ગાંધીનગરના જાણીતા તબીબ ડૉ. જે.ડી. પ્રજાપતિ આજે પોતાની ગાડીની ડેકીમાં તાજુ શાકભાજી ભરી મિત્ર પરિવારોને વહેંચ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં આજે લોકડાઉનનો અમલ તંત્રએ અસરકારક રીતે કરાવ્યો હતો.
- ગુજરાત રાજ્યમાં બે વર્ષ સુધી ચાલે તેટલો અનાજનો જથ્થો ખાસ કરીને ઘઉં-ચોખાનો હોવાનું મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમાર અને ના.પુ.વિ.ના સચિવ તાહિરે પત્રકારોને જણાવ્યુ હતુ.



રાજ્ય સરકારે આવશ્યક સેવાઓ સિવાયની કચેરીઓ બંધ કરવાનો આદેશ કર્યા બાદ વિવિધ સરકારી કચેરીઓનું સેનેટાઈઝેશન કરવામાં આવ્યુ હતુ. ફાયરબ્રિગેડની ટીમે વિવિધ સરકારી કચેરીઓમાં જઈ સેનેટાઈઝેશનની કામગીરી કરી હતી.

# તકનો ફાયદો ઉઠાવવા શાકભાજીના કાળા બજાર

### શાકભાજીની અછતનો હાઉ ઉભો કરી કેટલાક વેપારીઓએ કાળા બજારી શરૂ કરી

લોકડાઉનને પગલે ચારેકોર ચિંતાનો માહોલ છે. આવા સમયે માનવતા દાખવવાના બદલે શાકભાજીના કેટલાક વેપારીઓ અને લારીઓવાળા શાકભાજીના કાળા બજાર કરતા હોવાનુ સામે આવ્યુ છે. કેટલાક નાગરિકોએ આ મુજબની ફરિયાદ કરતા આ મામલે તંત્રએ પગલાં લેવાની આવશ્યકતા છે.

કાળાબજારી કરતા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. શાકભાજીનો પૂરવઠો હજુ ઉપલબ્ધ હોવા છતાં કેટલાક વેપારીઓ અનો લારીવાળાઓએ શાકભાજીનો સંગ્રહ કરવાનુ શરૂ કર્યુ છે અને હાઉ બતાવી ઉંચો ભાવ વસૂલી રહ્યાં છે.

લોકડાઉનનો સતત ત્રીજો દિવસ રહેતા આજે ઘણા નાગરિકો શાકભાજી સહિતની જીવન



આખુ ગુજરાત હાલ કટોકટીની સ્થિતિમાંથી પસાર થઈ રહ્યુ છે. આવશ્યક ચીજવસ્તુઓ સિવાયની તમામ દુકાનો હાલમાં બંધ છે પરંતુ આ તકનો લાભ લેવાનુ કેટલાક વેપારીઓ ચૂકતા નથી. શાકભાજી સહિતની જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓની કોઈ અછત નહી પડે તેવો વિશ્વાસ વારંવાર રાજ્ય સરકારે અપાવ્યો હોવા છતાં કેટલાક વેપારીઓ પૂરવઠાની અછતનો હાઉ દેખાડી જરૂરીયાતની ચીજવસ્તુઓ ખરીદવા બહાર નીકળ્યા હતા. જોકે કેટલાકને ઉંચો ભાવ આપવાની ફરજ પડી હતી. ડુંગળી-બટાકા સહિતની શાકભાજી મોંઘી થઈ ગઈ હતી. પોલીસે શાકમાર્કેટમાં વધુ લારીઓ ઉભી ન રાખવા સૂચના આપતા માત્ર ગણતરીની લારીઓ જ શાકમાર્કેટમાં દેખાઈ હતી. જોકે તેઓએ મનફાવે તેવો ભાવ વસુલ કરતા નાગરિકોમાં નારાજગી જોવા મળી હતી.

# કોબા પાસે અજાણ્યા વાહનની ટક્કરે બાઈકચાલકનું મોત

ગાંધીનગર, તા.૨૪

કોબા સર્કલ નજીક અજાણ્યા વાહનની અડફેટે બાઈક ચાલકનું મૃત્યુ નિપજયુ હતું. બનાવ અંગે મૃતકના કાકાએ નોંધાવેલી ફરીયાદને લઈ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગત મુજબ સેકટર-૧ બી ખાતે રહેતા કનુભાઈ મોતીલાલ પટેલનો ભત્રીજો દિપકકુમાર છબાભાઈ પટેલના બાઈકને અજાણ્યા વાહને ટક્કર મારી હતી. જેમાં તે માર્ગ પર નીચે પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

જેથી તેને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા. જયાર ફરજ પરના ડોકટર દ્વારા તેને મૃત જાહેર કર્યો હતો. મૃતક દિપક પટેલ ભાટ પાસે મધર ડેરી ખાતે નોકરી કરતો હતો અને વહેલી સવારે ફરજ પુરી કરીને ઘર તરફ જઈ રહ્યો હતો તે સમયે કોબા પાસે અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારી હતી. મૃતક યુવકના કાકાની ફરીયાદને પગલે ઈન્ફોસીટી પોલીસે સીસીટીવી ફુટેજને પગલે અકસ્માત અંગે તપાસ શરુ કરી છે.



કેશવપાર્ક સોસાયટી વાવોલ ખાતે કોરોના મહામારી વાયરસને કારણે તમામ સોસાયટીના રહેવાસીઓ નિરોગી રહે અને જાગૃત રહે તે માટે સોસાયટીના એક સભ્ય જીતુભાઈ પટેલ દ્વારા તમામ સોસાયટીના રહીશોને મફતમાં સેનેટાઈઝરનું વિતરણ કરવામાં આવ્યું.

# જિલ્લામાં ખેડૂતો પાસેથી તુવેર અને ઘઉંની ટેકાના ભાવે ખરીદી બંધ રહેશે

## જિલ્લાની તમામ અદાલતોમાં જરૂરિયાત સિવાયના પક્ષકારોએ હાજર ન રહેવાનો આદેશ

નોવેલ કોરાના વાયરસનો ફેલાવો સંક્રમણ ને નિયંત્રણમાં રાખવા માટે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુચારું આયોજન કરીને સતત પ્રયત્નશીલ છે. કોરોના વાયરસને ફેલાતો અટકાવવાના ઉમદા આશયથી ગાંધીનગર જિલલામાં ધઉં અને તુવેરદાળની ખરીદી તથા રજિસ્ટ્રેશન મુલતવી રાખવામાં આવ્યું છે. તેમજ ગાંધીનગર જિલ્લાની તમામ કોર્ટની કામગીરી સ્થગિત કરી દેવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા પુરવઠાની કચેરીના અધિકારીશ્રીએ જણાવ્યું છે કે, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમના જનરલ મેનેજરની સૂચના અનુસાર ગાંધીનગર જિલ્લાના ખેડૂતો પાસેથી તુવેરદાળની ખરીદી તથા ધઉંની રજિસ્ટ્રેશન અને ખરીદીની કામગીરી ચાલું હતી. પરંતુ કોરોના વાયરસની વ્યાપક અસરને ધ્યાને લઈ આગામી તા. ૩૧મી માર્ચ,૨૦૨૦ સુધીમાં આ ખરીદી અને રજિસ્ટ્રેશનની કાર્યવાહી બંધ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ શ્રી પી.એસ.રાઠૌડે જણાવ્યું છે કે, ગુજરાત હાઈ કોર્ટના આદેશનુસાર તા. ૩૧મી માર્ચ, ૨૦૨૦ સુધીમાં ગાંધીનગર જિલ્લામાં આવેલી તમામ અદાલતોમાં અર્જન્ટ જામીન અરજીઓ, રિમાન્ડ તેમજ વચ્ચગાળાની રાહતોની અરજીઓ સિવાયની મેટર્સ ચલાવવામાં આવશે નહિ. તેમજ એ સિવાયનાં તમામ કેસોમાં ટ્રાયલ ત્રણ અઠવાડિયા માટે મોકૂફ રાખવામાં આવ્યા છે. જેથી પક્ષકારોની નામદાર કોર્ટમાં હાજર રહેવામાંથી મુક્તિ અપાવામાં આવી છે. તેમજ તેમની ગેરહાજરી વિરૂધ્ધ કોઈ આકરા પગલાં કે નોંધ લેવાશે નહિ. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ, ગાંધીનગર શ્રી મેહુલ એમ. ગાંધીએ જણાવ્યું છે કે, કોરોના વાયરસની ગંભીરતાને ધ્યાનમાં લઈ કોર્ટ પરિસરમાં જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તેમજ થર્મલ ટેમ્પેરચર ગનથી ચેકીંગ થયા બાદ સેનેટાઈઝર લગાવ્યા પછી જરૂરી હોય તેવા જ પક્ષકારોએ જરૂર હોયતો જ અદાલતોમાં હાજર રહેવું જેલમાં રહેલાં કેદીઓ સાથે અદાલતોમાં વિડીયો કોન્ફરન્સથી કામગીરી કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. તમામ બાર એસોશિએશનના હોદ્દેદારો તેમજ સભ્યોની વિનંતી કરવામાં આવી છે કે વકીલશ્રીઓએ તેઓના પક્ષકારોને બિનજરૂરી હાજર રાખવા નહિ અને કોર્ટ પરિસરમાં મુલાકાત ટાળવી.

## વાત-વાતમાં...

- કોરોનાના કહેરમાં વડાપ્રધાન દ્વારા જનતા કરફ્યુ દરમ્યાન કોરોના વાયરસની સ્થિતિની વ્યવસ્થા સંભાળવામાં સેવા આપતા સેવાકર્મીઓને બિરદાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો જેને જનતાએ સહર્ષ સ્વીકારી અભૂતપૂર્વ ધન્યવાદ નાદ પ્રગટ કર્યો હતો. જોકે અત્યારે પણ કોરોનાને પગલે કરાયેલ લોકડાઉન સ્થિતિમાં શહેરના તમામ એન્ટ્રી પોઈન્ટ પર સેવા આપી રહેલા પોલીસ કર્મીઓને શહેરના સેવાભાવી નાગરિકો દ્વારા ચા-પાણીની સેવા પુરી પાડવામાં આવી રહી છે.
- શહેરના મુખ્ય માર્ગો લોકડાઉનને પગલે સાવ સુમસાન બની ગયાં છે. જોકે આ પરિસ્થિતિમાં હજુ પણ ચ-રોડ સહિતના મુખ્ય માર્ગો પર સાંજના સમયે ટ્રાફિક સિગ્નલ્સ કાર્યરત હોવાથી માર્ગ પરના એકલદોકલ વાહનચાલકો આશ્ચર્ય સાથે રેડલાઈટ જોઈ ઉભા રહી જતા જોવા મળ્યા હતા.
- શહેરમાં લોકડાઉનની પરિસ્થિતિનું કડકાઈપણે પાલન કરવામાં આવી રહ્યું છે. જોકે શહેરને અડીને આવેલા ગ્રામ્ય વિસ્તારો જેવા કે વાવોલ, પેથાપુર, કોલવડા વગેરેમાં હજુ પણ યુવાનો એકઠાં થઈને ટોળટપ્પા કરતાં હોય કે રમતો રમતા હોય તેવી સ્થિતિ કેટલેક ઠેકાણે જોવા મળી રહી છે.

**આપણે સુરક્ષિત તો રાષ્ટ્ર સુરક્ષિત**

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

**કોરોનાને નાથવા ૩૧મી માર્ચ સુધી સમગ્ર રાજ્યમાં લોક ડાઉન**

**કોરોના સામેની લડતમાં નાગરિકો જોડાયઃ મુખ્યમંત્રીશ્રી**

**આવશ્યક સેવાઓ સિવાયની તમામ દુકાનો, વાણિજ્યક સંસ્થાઓ, ઓફિસો, ફેક્ટરી, નાના અને મધ્યમ ઉદ્યોગો, વર્કશોપ ગોડાઉન ૩૧મી માર્ચ સુધી સંપૂર્ણ બંધ રાખવા આદેશ**

**અન્ય રાજ્યો સાથેની બોર્ડર સીલ કરવામાં આવી હોવાથી કોઈપણ પેસેન્જર વાહન રાજ્યમાં પ્રવેશી શકશે નહિં કે રાજ્ય બહાર જઈ શકશે નહિં**

**ધોરણ ૧ થી ૯ અને ૧૧માં માસ પ્રમોશન આપવામાં આવશે**

**આવશ્યક સેવા સિવાયની સરકારી કચેરીઓ બંધ રહેશે**

**લોક ડાઉનનો સખ્તાઈથી અમલ કરવા તંત્ર સજ્જ**

- તમામ પ્રકારના માલવાહક વાહનો (કાર્ગો સહિત) રાબેતા મુજબ ચાલુ રહેશે
- લોક ડાઉનના અસરકારક અમલ માટે રાજ્યભરમાં એસઆરપીએફની ૬ કંપનીઓ, રેપિડ એક્શન ફોર્સની ૪ કંપનીઓ તૈયાર
- પોલીસ દ્વારા લોક ડાઉનનો ચુસ્તપણે અમલ કરવામાં આવશે તેથી પોલીસને સહયોગ આપીએ
- લોક ડાઉન અંગેના ભંગ બદલ ૬૨ અને ક્વોરન્ટાઈન કરેલ વ્યક્તિઓ દ્વારા કાયદાના ભંગ બદલ ૧૮ ગુન્હા નોંધવામાં આવ્યા

**આવશ્યક સેવાઓને મુક્તિ**

તમામ સરકારી અને મ્યુનિસિપલ કોર્પોરેશન-પંચાયત સેવાઓ • દૂધ-શાકભાજી, ફળ-ફળાદી, કરીયાણું, પ્રોવીઝનલ સ્ટોર • મેડીકલ સ્ટોર, દવાખાના, લેબોરેટરી, દવા-મેડીકલ સાધનોની ઉત્પાદક કંપની તથા તેમના રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર્સ, ફાર્મસી, આરોગ્યલક્ષી સેવાઓ • વીજળી, વીમા, ઈન્ટરનેટ-ટેલિફોન તથા આઈ.ટી અને આઈ.ટી સંબંધિત સેવાઓ • રેલવે ગુડઝ ટ્રાન્સપોર્ટેશન સેવા, મીડીયા-સમાચાર પત્રો, પેટ્રોલ પંપ, પાણી પુરવઠો, પોસ્ટ અને કુરીયર સર્વિસ તથા ગટર વ્યવસ્થા તંત્ર, બેંક-એ.ટી.એમ, બેંકનું ક્લીયરીંગ હાઉસ, સ્ટોક એક્સચેન્જ • તમામ આવશ્યક વસ્તુઓના ગોડાઉન તથા અન્ય અતિ આવશ્યક સેવાઓ • ખાદ્ય પદાર્થો તથા ખાદ્ય સામગ્રી, દવાઓ, પેસ્ટ કન્ટ્રોલ અને અન્ય આવશ્યક સેવાઓના ઉત્પાદન, પરિવહન અને પુરવઠા વ્યવસ્થા અને તેને લગતુ ઈ-કોમર્સ

**આ જાહેરનામાના ભંગ બદલ સંબંધિતો સામે "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦"ની જોગવાઈઓ હેઠળ તથા ઈન્ડિયન પીનલ કોડની કલમ ૧૮૮ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમજ આ કાયદા હેઠળ સજાને પાત્ર થશે**

**કોરોના વાયરસની મહામારીને ડામવા લોક ડાઉનનું ચુસ્તપણે પાલન કરીએ, સંક્રમણથી સ્વયં બચીએ અને અન્યોને પણ બચાવીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**